Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# સિરામિક ઉદ્યોગમાં કામ કરતાં મજૂરોની આર્થિક, સામાજિક અને આરોગ્ય સંબંધી બાબતોનો અભ્યાસ (એન્કર સિરામિક (થાન)ના સંદર્ભમાં)

**Mrugesh K. Rathod**
**Research Scholar, Saurashtra University, Rajkot. (Gujarat) E-mail: mrugeshbip@gmail.com**

**Dr. Ramesh Vaghani**
**Research Guide, Saurashtra University, Rajkot. (Gujarat)**

***સારાંશ***

*પ્રસ્તુત અભ્યાસમાં એન્કર સિરામિક ઉદ્યોગમાં કામ કરતાં મજૂરોની આર્થિક, સામાજિક અને આરોગ્ય સંબંધી બાબતોનો અભ્યાસ કરવાનું ધ્યેય હતું. અભ્યાસમાં સિરામિક ઉદ્યોગમાં કામ કરતાં મજૂરો પાસેથી પ્રશ્નાવલિ દ્વારા પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરેલ હતી. પ્રાપ્ત સંખ્યાત્મક માહિતીનું અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું અને તારણો મેળવવામાં આવ્યા હતા. આ અભ્યાસ દ્વારા કામદારોની આર્થિક, સામાજિક અને આરોગ્ય સંબંધી માહિતી જાણવા મળેલ હતી અને તેમને કેવી સુવિધા મળતી કઈ મુશ્કેલી પડતી વિગેરે બાબતો જાણવા મળી હતી.*

***ચાવીરૂપ શબ્દો: સિરામિક, ઉદ્યોગ, મજૂરો, સુરેન્દ્રનગર***

## પ્રસ્તાવના

ભારત એક વિકાસશીલ દેશ છે. ભારતમાં ઓધોગિક વિકાસ ઝડપી બન્યો છે. તેની સાથે સાથે આર્થિક, સામાજિક અને વ્યાવસાયિક સમસ્યાઓ પણ ઉદભવી રહી છે. ભારતમાં દિવસે દિવસે કારખાનાઓની સંખ્યા વધી રહી છે અને કારખાનાઓમાં રોજીરોટી મેળવતા કામદારોની સંખ્યામાં પણ વધારો થતો જોવા મળે છે પરિણામે કામદારોને રહેઠાણના અભાવે અને પુરતું વેતન ન મળવાથી તેઓમાં આર્થિક, સામાજિક અને વ્યાવસાયિક કે આરોગ્યલક્ષી સમસ્યાઓ પણ ઉદભવતી હોય છે. હાલના સમયમાં માનવી દિવસે ને દિવસે વિકાસ કરતો જાય છે. માનવીની ભૌતિક જરૂરિયાતો કલાકે કલાકે બદલાતી રહે છે અને તેમાં વધારો થતો રહે છે. માનવીને પોતાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવી નોકરી, વ્યવસાય કે ઉધોગ કરવો પડે છે કે તેમાં વધારો કરવો પડે છે. જેથી માનવી વ્યવસાય કે ઉધોગ પાછળ આંધળી દોડ મુકે છે જે માનવીના પોતાના સ્વાસ્થ્ય અને આજુબાજુના પર્યાવરણ માટે પણ ખતરારૂપ બને છે.

## સંશોધનના હેતુઓ

(૧) સિરામિક ઉધોગમાં કામ કરતા કામદારોની આર્થિક સ્થિતિ કેવી છે તે જાણવું.

(૨) સિરામિક ઉધોગમાં કામ કરતા કામદારોની આરોગ્યલક્ષી સ્થિતિ કેવી છે તે જાણવું.

(૩) સિરામિક ઉધોગમાં કામ કરતા કામદારોને કેવી કેવી સુવિધાઓ કંપની તરફથી આપવામાં આવે છે તે જાણવું.

(૪) સિરામિક ઉધોગમાં કામ કરતા કામદારોને આરોગ્યલક્ષી કેવી સવલતો માળે છે તે જાણવું.

## સંશોધનનું ક્ષેત્ર

દરેક સંશોધન અભ્યાસો કોઈને કોઈ ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય છે. આ સંશોધનનું ક્ષેત્ર સુરેન્દ્રનગર જીલ્લાના થાનની એન્કર

સિરામિક ઉદ્યોગને અભ્યાસના વિસ્તાર ક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર જીલ્લા અંતર્ગત સિરામિક ઉદ્યોગના અંદાજીત ૩૦૦ થી વધારે યુનિટ પથરાયેલા છે. આ યુનિટમાં કામ કરતા કામદારોને આર્થિક, સામાજિક તેમજ તેમની આરોગ્યલક્ષી બાબતોનો અભ્યાસ કરવાનો પ્રયત્ન અહીં સંશોધકે કરેલ છે.

**સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસમાં એન્કર સિરામિક (થાન) ના મજૂરોનો અભ્યાસ કરવાનો ધ્યેય હતો. અહીં પ્રાપ્ત થયેલી માહિતી સંખ્યાત્મક હોવાથી તે સંખ્યાત્મક સંશોધન ગણી શકાય. આમ પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પ્રકારમાં સર્વેક્ષણ પદ્ધતિને અનુસરે છે.

**અભ્યાસની જરૂરિયાત:**

છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષમાં સિરામિકના ઉધોગનો વિકાસ બહોળા પ્રમાણમાં થયો છે. જેના પરિણામે રોજગારીની તકોનું વિપુલ પ્રમાણમાં સર્જન થયું છે. આજુબાજુના ગામડાના યુવકોને રોજગારી મળવાના પરિણામે તેમની આર્થિક સ્થિતિમાં કેવા ફેરફાર થયા છે. તેમના જીવન ધોરણમાં શું ફેરફાર થયા છે. તેમની આરોગ્યલક્ષી સ્થિતિ કેવી છે. તે આ સંશોધનને પરિણામે જાણવા મળશે.

કોઈપણ દેશની પ્રગતિનો આધાર જે તે દેશના ઓધોગિક વિકાસ પર છે. એ ઉદ્યોગ માટે કામદાર વર્ગ એ કરોડરજ્જુ સમાન છે. મજુર એ કોઈ માલસામાન કે જડ વસ્તુ નથી પણ જીવંત ચેતનવંત માનવ છે. માનવી તરીકે તેને સભ્ય જીવનની સુખ સગવડ ભોગવવાનો અધિકાર છે. કામદારનું જીવન સમૃધ્ધ અને વૈવિધ્યપૂર્ણ બંને તે માટે પ્રવુતિ હાથ ધરવી જરૂરી બંને છે. કામદારોની સંપૂર્ણ સલામતી સ્વાસ્થ્ય સંબંધી રક્ષણ કે સુવિધા આપવામાં આવે છે કે નહિ તે જાણવું જરૂરી છે તેમજ મજુરોને અનેક સમસ્યાઓ ઉદભવતી હોય છે. તે સમસ્યાઓનો સામનો મજુરો કેવી રીતે કરે છે વગેરે સંશોધન દ્વારા જાણવા આ અભ્યાસ કરવામાં આવ્યો છે.

**સંશોધનનો વ્યાપવિશ્વ અને નમૂનો**

આ અભ્યાસનું વ્યાપવિશ્વ સિરામિક ઉદ્યોગ (થાન)ના કામદારો હતા. જેમાં આકસ્મિક નમૂના પસંદગીથી કુલ ૫૦ કામદારોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન ઉપકરણ**

પ્રશ્નાવલિ, મુલાકાત, અવલોકન, મનોવૈજ્ઞાનિક કસોટી, ક્રમમાપદંડ, ઓળખયાદી વિગેરે ઉપકરણના પ્રકારો છે. આ ઉપકરણ પૈકી સંશોધક પોતાના અભ્યાસ માટે ઉચિત ઉપકરણ નક્કી કરે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલિ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. કુલ ૫૦ કામદારોને પ્રશ્નાવલિ વહેંચવામાં આવી હતી જેમાંથી ૪૫ પ્રશ્નાવલિ ભરાઈને પરત મળી હતી.

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત અભ્યાસમાં આવૃત્તિ વિતરણ અને ટકાવારી જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરી માહિતીને કોષ્ટક સ્વરૂપે રજૂ કરવામાં આવી છે, ત્યાર બાદ તેનું વર્ણનાત્મક સ્વરૂપે અર્થઘટન કરવામાં આવ્યું છે જે નીચે મુજબ છે.

**પ્રશ્ન-૧ મજૂરોના ઘરનું ગુજરાન કેવી રીતે ચાલતું હતું?**

મજુરોના ઘરનું ગુજરાન કેવી રીતે ચાલતું તે સંદર્ભમાં આવૃત્તિ વિતરણ નીચે મુજબ કોષ્ટક-૧ માં દર્શાવેલ છે.

**કોષ્ટક-૧ મજૂરોના ઘરનું ગુજરાન કેવી રીતે ચાલતું તે દર્શાવતું પત્રક**

| ક્રમ | મજૂરોના ઘરનું ગુજરાન ચાલતું? | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૩૫ | ૭૭.૭૮% |
| ૨ | ના | ૧૦ | ૨૨.૨૨% |
| કુલ આવૃત્તિ | | ૪૫ | ૧૦૦% |

કોષ્ટક-૧ પરથી જોવા મળે છે કે મજુરોના ઘરનું ગુજરાન કેવી રીતે ચાલતું તે સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ ૪૫ ઉતરદાતામાંથી ૩૫ (૭૭.૭૮%) મજુરોના ઘરનું ગુજરાન ચાલતું હતું, જ્યારે ૧૦ (૨૨.૨૨%) મજુરોના ઘરનું ગુજરાન ચાલતું ન હતું,.

**પ્રશ્ન-૨ કંપનીમાં નોકરીના કારણે તંદુરસ્તીમાં અસર થઈ છે?**

કંપનીમાં નોકરીના કારણે તંદુરસ્તીમાં અસર થવાના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ નીચે મુજબ કોષ્ટક-૨ માં દર્શાવેલ છે.

**કોષ્ટક-૨ કંપનીમાં નોકરીના કારણે તંદુરસ્તીમાં અસર થવાના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ**

| ક્રમ | તંદુરસ્તીમાં અસર થઈ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૨૦ | ૪૪.૪૪% |
| ૨ | ના | ૨૫ | ૫૫.૫૬% |
| કુલ | | ૪૫ | ૧૦૦% |

કોષ્ટક-૨ પરથી જોવા મળે છે કે સંશોધનના નમૂનામાં સમાવિષ્ટ ૪૫ ઉતરદાતામાંથી ૨૦ (૪૪.૪૪%) ઉતરદાતાઓની તંદુરસ્તીમાં અસર થયેલ જોવા મળેલ જ્યારે ૨૫ (૫૫.૫૬%) ઉતરદાતાઓની તંદુરસ્તીમાં અસર ન થયેલ જોવા મળ્યું હતું.

**પ્રશ્ન-૩ મજૂરોને કંપની તરફથી કેવી કેવી સુવિધા આપવામાં આવે છે?**

ઉપરોક્ત પ્રશ્નમાં ઉતરદાતાઓને કંપની તરફથી મળતી સુવિધાઓની એક કરતાં વધારે પસંદગીને કારણે ઉતરદાતાઓની આવૃત્તિ ૪૫ ના બદલે ૮૮ થતી હતી. મજૂરોને કંપની તરફથી કેવી કેવી સુવિધા મળતી તે સંદર્ભમાં આવૃત્તિ વિતરણ કોષ્ટક-૩ માં દર્શાવેલ છે.

**કોષ્ટક-૩ મજૂરોને કંપની તરફથી મળતી સુવિધાઓના સંદર્ભમાં આવૃત્તિ વિતરણ**

| ક્રમ | સુવિધા રૂપે મળતા લાભો | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | સ્વચ્છ પાણીની સુવિધા | ૩૪ | ૭૫.૫૬% |
| ૨ | આરામ માટેની અલગ વ્યવસ્થા | ૧૦ | ૨૨.૨૨% |
| ૩ | અલગ સંડાસ બાથરૂમની વ્યવસ્થા | ૨૬ | ૫૭.૭૮% |
| ૪ | જમવાની વ્યવસ્થા | ૧૮ | ૪૦.૦૦% |
| કુલ આવૃત્તિ | | ૮૮ | |

કોષ્ટક-૩ પરથી જોવા મળે છે કે મજૂરોને કંપની તરફથી મળતી સુવિધાઓના લાભોની આવૃત્તિના વિકલ્પની એક કરતાં વધારે પસંદગીને કારણે ઉતરદાતાઓની આવૃત્તિ ૪૫ ના બદલે ૮૮ થતી હતી. જેમાં ૭૫.૫૬% મજૂરોને સ્વચ્છ પાણીની સુવિધા, ૫૭.૭૮% મજૂરોને અલગ સંડાસ બાથરૂમની વ્યવસ્થા, ૪૦% મજૂરોને જમવાની વ્યવસ્થા અને ૨૨.૨૨% મજુરોને આરામ માટેની અલગ વ્યવસ્થા જેવી સુવિધાઓ કંપની તરફથી આપવામાં આવતી હોવાનું જાણવા મળ્યું હતું.

**પ્રશ્ન-૪ અકસ્માત થાય ત્યારે દવાખાને લઈ જવા માટે કંપનીમાં શું વ્યવસ્થા છે?**

ઉપરોક્ત પ્રશ્નના સંદર્ભમાં કંપનીમાં અકસ્માત થાય ત્યારે દવાખાને લઈ જવા માટે કંપનીમાં શું વ્યવસ્થા છે તે સંદર્ભમાં આવૃત્તિ વિતરણ કોષ્ટક-૪ માં દર્શાવેલ છે.

**કોષ્ટક-૪ અકસ્માત થાય ત્યારે દવાખાને લઈ જવા માટે કંપનીમાં શું વ્યવસ્થા છે તે દર્શાવતું પત્રક**

| ક્રમ | અકસ્માત થાય ત્યારે દવાખાને લઈ જવા માટે કંપનીમાં શું વ્યવસ્થા છે. | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧ | કારખાને પોતાની ગાડી છે | ૧૫ | ૩૩.૩૩% |
| ૨ | એમ્બ્યુલન્સ બોલવામાં આવે છે | ૧૦ | ૨૨.૨૨% |
| ૩ | તાત્કાલિક સારવાર આપવામાં આવે છે | ૨૦ | ૪૪.૪૫% |
| કુલ આવૃત્તિ | | ૪૫ | ૧૦૦% |

કોષ્ટક-૪ પરથી જોવા મળે છે કે મજૂરોનો અકસ્માત થાય ત્યારે દવાખાને લઈ જવા માટે કંપનીમાં શું વ્યવસ્થા છે તે પ્રમાણે વર્ગીકરણ કરતાં જાણવા મળ્યું હતું કે કુલ ૪૫ ઉતરદાતાઓમાંથી ૪૪.૪૫% મજૂરોનો ઉતરો પ્રમાણે કંપનીમાં તાત્કાલિક સારવાર આપવામાં આવતી, ૩૩.૩૩% મજૂરોનો ઉતરો પ્રમાણે કંપનીમાં પોતાની ગાડી છે તેના દ્વારા હોસ્પિટલ

લઈ જવામાં આવતા અને ૨૨.૨૨% મજૂરોનો ઉતરો પ્રમાણે કંપનીમાં એમ્બ્યુલન્સ બોલાવવામાં આવતી.

**અભ્યાસના તારણો**

આ અભ્યાસના તારણો નીચે મુજબ છે.

(૧) કંપનીમાં કામ કરવાથી મળતા પગારમાં ૭૭.૭૮% મજુરોના ઘરનું ગુજરાન ચતુ હતું.

(૨) કંપનીમાં કામ કરવાથી ૫૫.૫૬% મજૂરોની તંદુરસ્તીમાં કોઈ જ પ્રકરની અસર ન થયેલ જોવા મળી હતી.

(3) મજૂરોને કંપની તરફથી મળતી સુવિધાઓના લાભોના સંદર્ભમાં સૌંથી વધુ ૭૫.૫૬% મજુરોને સ્વચ્છ પાણીની સુવિધા મળતી જયારે ૨૨.૨૨% મજુરોને આરામ માટેની અલગ વ્યવસ્થા મળતી.

(૪) ૪૪.૪૫% મજૂરોના મત પ્રમાણે કંપનીમાં અકસ્માત થાય ત્યારે કંપનીમાં તાત્કાલિક સારવાર આપવામાં આવતી હતી.

## સંદર્ભસૂચિ


Kothari, C. R. (2018). *Research methodolgy: Methods and techniques.* New Delhi: New Age International Publishers.

Van, Raju B. (2010). *An Instrument of Social Change ought to achieve Equilibrium by present Labour Legislations of social-Economic Relationship which based on unorganized labour in Rajkot District : An Analytical Study.* (Doctoral dissertation, Saurashtra university, Rajkot, India). Retrieved from http://shodhganga.inflibnet.ac.in/handle/10603/9755

ઉચાટ, દિનેશચંદ્ર એ. (૨૦૦૪). *શૈક્ષણિક સંશોધનનાં સારાંશો.* રાજકોટ: સૌરાષ્ટ્ર યુનીવર્સીટી.

ઉચાટ, દિનેશચંદ્ર એ. (૨૦૧૨). *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.* રાજકોટ: પારસ પ્રકાશન.

દેસાઈ, હરિભાઈ જે. (૨૦૧૦). *સંશોધન પદ્ધતિઓ અને પ્રવીધિઓ.* અમદાવાદ: યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.